## જન્મદિને વધામણી



ઉરેન પટેલ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮



પ્રેમલસિંહ પી ગોલ
ડિરેક્ટર
આકાશ ઇન્ફ્રા પ્રોજેક્ટ લિ.
મો. : ૯૮૨૫૮ ૦૩૫૫૩



દશરથલાલ એમ પરમાર
સહમંત્રી, આરોગ્ય કન્વીનર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ



વિધિ કેતનભાઈ પંડ્યા

# સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા 'પક્ષી બચાવો અભિયાન'







ગાંધીનગરની અગ્રણી શિક્ષણ સંસ્થા કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ટીમના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લાં ૪ વર્ષથી મકરસંક્રાન્તિના તહેવાર પ્રસંગે નિર્દોષ પક્ષીઓનો જીવ જોખમમાં નહીં મૂકવા આગ્રહભરી રજૂઆત કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ દ્વારા શહેરનાં જાહેર સ્થળોએ રેલી અને બૅનર્સ સાથે નગરજનોને અપીલ કરવામાં આવે છે કે સવારે ૬થી ૯ અને સાંજે ૫થી ૭ પતંગ નહીં ચગાવીને અબોલ પંખીઓનો જીવ બચાવી શકાય છે.

ઉપરાંત ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન થાય તે માટે પણ આ વિદ્યાર્થીઓ દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓનું સૌથી સ્તુત્ય કાર્ય છે દોરીઓના ગુચ્છા ખરીદવાનું. ૧ કિલોગ્રામ દોરીના ગુચ્છા ૫૦ રૂપિયા આપીને આ યુવાઓ ખરીદ કરી રહ્યા છે, જેથી આવા ગુચ્છા ન તો રાહદારીઓને અવરોધરૂપ બને કે ન તો પક્ષીઓ માટો જોખમરૂપ. મિશન સેફ અંતર્ગત આ ઉમદા કામગીરી ગૃપ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

## શ્રી જે બી પ્રાથમિક શાળા રોલબૉલ સ્પર્ધામાં ઝળકી

### ક્રિષ્ના ચંડીસરાએ સ્પર્ધામાં ચતુર્થ સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ક્રિષ્ના પરબતસિંહ ચંડીસરની પસંદગી સ્કૂલ ગેમ્સ ફૅડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા છત્તીસગઢ ખાતે યોજાયેલી રોલબૉલ સ્કેટિંગ સ્પર્ધા માટે કરવામાં આવી હતી. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી વિદ્યાર્થીઓએ ચતુર્થ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પુના ખાતે યોજાયેલી સ્પર્ધામાં પણ આ વિદ્યાર્થીઓએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું નામ રોશન કર્યું હતું.

સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીવાબોન પટેલે વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ગોપાલક વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓ સ્પેસ ઍપ્લિકેશન સેન્ટરની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૨

જેઍમપી ગોપાલક વિદ્યા સંકુલ દ્વારા વિદ્યાર્થીઓ માટે સ્પેસ એપ્લીકેશન સેન્ટર, ઈસરો, અમદાવાદની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં વિદ્યાર્થીઓને રોકેટ લોન્ચિંગ અને સેટેલાઈટ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ સમગ્ર સેન્ટરની રસપૂર્વક, ઉત્સાહપૂર્વક મુલાકાત લીધી હતી અને પોતાના જ્ઞાન તથા અવકાશવિજ્ઞાન વિષયક માહિતીમાં વધારો કર્યો હતો.

## જીઆઈપીઍસ ખાતે વેશભૂષા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તા.૧૨-૧-૨૦૧૯ને શનિવારના રોજ (ફેન્સી ડ્રેસ કમ્પીટીશન)'વેશભૂષા સ્પર્ધા' તેમજ 'ક્રિકેટ' અને 'બાસ્કેટ બોલ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓમાં ભારતીય સભ્યતાના પ્રતીક વેશભૂષા ને ધ્યાનમાં લઈ બાળકોમાં વિશેષ જ્ઞાન હેતુ આયોજન કર્યું. વિદ્યાર્થીઓએ પ્રતિભા સંપન્ન પાત્રોની વેશભૂષા તેમજ તેમના વચનોને રજૂ કરી તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું. શારીરિક સ્વાસ્થ્ય ને અંતર્ગત ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓએ બાસ્કેટ બોલ, ક્રિકેટ ટુર્નામેન્ટ અને વિદ્યાર્થીનીઓએ સ્પર્ધામાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. શાળા પ્રાંગણ વિદ્યાર્થીઓની આ કૌશલ્યોથી આનંદિત થઈ ઊઠ્યુ હતું. શાળા ડાયેક્ટરશ્રી તેમજ આચાર્યોશ્રીએ વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા.

# 'કલાગુર્જરી' પ્રસ્તુત લોકભોગ્ય, મનગમતાં ગુજરાતી ગીતોનો 'રણકાર' બની રહ્યો જાજરમાન જલસો

બાંસૂરીના ઘેર સૂર સંગ ઘૂંટાયેલા સ્વરમાં ગણેશ વંદનાનો શ્લોક વક્રતુંડ મહાકાય... સંભળાય... સૂર-સ્વર-શબ્દના સુંદર સંયોજન સાથે હળવે હળવે કર્ટન ખૂલે ને ઝળાહળ પ્રકાસમાં દશ્યમાન થાય ગાયક કલાકારો, વાયકારો, બેક ડ્રોપમાં ગુજરાતી ગીતો-લોકગીતોના વિખ્યાત ગાયકોની તેમનાં ગાયેલાં લોકપ્રિય ગીતોની પંક્તિઓ સાથેની તસવીરે મઢી સુંદર સુંદર રંગમંચ સજાવટ... અને પ્રેક્ષકો તાળીઓના ગડગડાટથી એને વધાવી લે ત્યાં જ થયું કે કલાગુર્જરી, ગાંધીનગર પ્રસ્તુત 'રણકાર'ની રમઝટ જોરદાર જામશે એમાં કોઈ શંકા નથી!

દર વખતે કંઈક 'હટકે' આપવાની નેમ ધરાવતી 'કલાગુર્જરી'નો ગુજરાતી ગીતોનો કાર્યક્રમ હોય, લોગભોગ્ય, સૌને કંઠસ્થ, લોકપ્રિય અને મનગમતાં ગુજરાતી ગીતોની પ્રસ્તુતિ હોય... બહેન કલ્યાણી કોઠાળકર તથા ભાઈ પ્રહર વોરા જેવા નીવડેલા-આજના પોપ્યુલર લીડીંગ સિંગર્સ હોય, સાથે એવા જ અચ્છા ગાયકો સંપદા વોરા ને હર્ષ શાહ હોય, મયૂરભાઈ દવેનાં સંગીત સંચાલન સાથે મનીષી રાવલ-પંડિતજી જેવા તબલાંવાદક હોય તથા 'સૂરીલી સરગમ'-સલીલ મહેતાની પરિકલ્પના અને રજૂઆત હોય પછી કાર્યક્રમમાં 'જલસો' જ હોય એમાં ના નહીં!

'કલાગુર્જરી' છેલ્લાં ૧૨ વર્ષથી લોકસંગીત, સુગમ સંગીત, ફિલ્મ સંગીત અને નાટકોના ચીલાચાલુ નહીં પણ 'ઑફબિટ' કહી શકાય તેવા કાર્યક્રમોનું આયોજન કરી ગાંધીનગરના કલારસિકોની કલાપિપાસા છીપાવવાનું 'તપ' કરી રહેલી સંસ્તા છે. તા. ૫ જાન્યુઆરીએ ટાઉનહૉલ ખાતે આયોજિત 'કલાગુર્જરી'નો આ વર્ષનો પાંચમો કાર્યક્રમ હતો આ ગુર્જર હૈયાનો દરબાર 'રણકાર'... જેમાં સર્વશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય, હંસાબેન દવે, પ્રફુલ્લ દવે, આસિત દેસી, હેમાં (ગિની) દેસાઈ ઉપરાંત હિંદી ફિલ્મોના દિગ્ગજ પ્લેબેક સિંગર્સ મહંમદ રફી, મન્ના ડે, કિશોરકુમાર, મુકેશ તેમજ ગીતા દત્ત, લતા મંગેશકર, આશા ભોંસલે અને અલકા યાજ્ઞિક દ્વારા ગવાયેલાં યાદગાર ગુજરાતી ગીતોની રસલ્હાણ થઈ, કહોને કે રમઝટ જામી...

ગુજરાતી ગીતોના કાર્યક્રમોમાં હોય એ કરતાં અલગ આરંભ થયો 'રણકાર'નો... સંચાલક- ઉદ્ઘોષિકા ડૉ. માર્ગીબહેન હાથી કાંઈ બોલે એ પહેલાં તો મયૂર દવેએ સંગીત રેલાવ્યું ને પ્રહર વોરા, કલ્યાણી કોઠાળકર તથા સંપદા વોરા સાથે હર્ષ શાહ અને સૌ ગાયકોએ સૌના કંઠે રમતાં, સુંદર લોકગીતો અને ફિલ્મી ગીતો 'આપણા મલકના માયાળુ માનવી...', 'તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે...', 'રંગલો જામ્યો કાલિંદીને ઘાટ...', 'ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય...', 'પાટણ શહેરની નાર પદમણી'...ની મનભાવન-તનડોલન 'મેડલી'થી જે ધડબડાટી બોલાવી તે અને પંદર મીનિટનું જોરદાર ગીત-સંગીત શ્રોતાઓ ઉપર મેજિક કરી ગયું અને આગળનાં ગીતો માટે સરસ વાતાવરણ બની ગયું.

એમાંય પછી પ્રહર દ્વારા પ્રસ્તુત થયેલ પહેલું ગીત 'જય સોમનાથ, જય દ્વારકેશ...'ને પ્રેક્ષકોની ખૂબ દાદ મળી જ પણ એ ગીતમાં ગવાતી કડી 'રાજાઓના તાજ મૂકાવ્યા વીર વલ્લભ સરદાર..' ઉપર ગીત-સંગીત થંભાવી, સલીલ મહેતાએ તેમના પહાડી અવાજમાં નાટ્યાત્મક રીતે અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલે કાશ્મીરના પ્રશ્નને હલ કરવા, તે સમયના વડાપ્રધાન પંડિત નહેરૂની ઉપરવટ જઈ પોતાના જાનની પરવા કર્યા વિના, દેશની જનતાની સુરક્ષાની ચિંતા હૈયા ધરી જે હિંમતવાન પગલું ભર્યું હતું તેની વાત કરવાનો જે 'પ્રયોગ' કર્યો તે પણ બધાંને ગમ્યો.

એ પછી જે ગમતીલાં ગીતો ગવાયાં તેમાં અવિનાશ વ્યાસનું અમર ગીત 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો...' એના સુંદર શબ્દો તથા કલ્યાણીબહેનના એવા જ મધુર ભાવ-કંઠના કારણે શ્રોતાઓમાં અમર છાપ છોડી ગયું. એ જ રીતે ગુજરાતી ભાષાના ગૌરવગાન સમી અવિનાસભાઈની રચના 'ગુજરાતી થઈ ગુજરાતી કોઈ બોલે નહીં બરાબર...'ને પ્રહર વોરાએ રમતિયાળ સ્ટાઈલમાં રમતું કર્યું...

સંપદા વોરાના કંઠે ગવાયેલ 'છેલાજી રે...'. હર્ષ શાહ પ્રસ્તુત જાણીતી ગુજરાતી ફિલ્મ લવની ભવાઈનું ગીત 'વાલમ આવોને...' સરસ રહ્યાં.

ગુજરાતી ગીતોની મહેફિલ હોય અને સદાબહાર, લોગભોગ્ય ગીતો ન ગવાય તો નવાઈ લાગે એવાં 'કહું છું જવાનીને કે પાછી વળી જા...', 'રાધાનું નામ તમે વાંસળીના સૂરમાં...' તથા 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં...' ગીતોએ રણકાર કાર્યક્રમમાં રંગત લાવી દીધી. ગીત-સંગીતના પ્રોગ્રામમાં - પછી એ ગુજરાતી ગીતોનો હોય કે હિંદી ફિલ્મી ગીતોનો - કલાકારોએ અમુક સંખ્યામાં મોસ્ટ પૉપ્યુલર ગીતોમાં જ (સુગમ સંગીત હોય તો ૫૦-૬૦ અને હિંદી ફિલ્મી ગીતો હોય તો ૧૫૦-૨૦૦માંથી પસંદગીનાં ગીતોની રેન્જમાં) રમવાનું હોય... અને એ ગીતો પ્રસ્તુત થાય તો જ પ્રોગ્રામ 'સક્સેસફુલ' બને... એ ગણિતને ધ્યાને લઈને 'સૂરીલી સરગમ'- સલીલ મહેતાએ 'કલા ગુર્જરી'ના સભ્ય માટે ખાસ હર્ષ શાહ પાસે પ્રેમની અભિવ્યક્તિની શિરમોર રચનાઓ પૈકી મનહર ઉધાસ ફેઈણ ગઝલ 'નયનને બંધ રાખીને મેં જ્યારે...' તેમજ સ્વ. દિલીપ ધોળકિયાનું એવરગ્રીન ગુજરાતી રોમેન્ટિક ગીત 'તારી આંખનો અફીણી...' ગવડાવી અને ભાઈ હર્ષે પણ બંને રચનાઓ ખૂબ સરસ રીતે પ્રસ્તુત કરી સૌનાં દિલ જીતી લીધાં હતાં... તો સંપદા



ટહૂકાર
પ્રકાશ લાલા

વોરા પણ કેમ પાછાં પડે ? એમણે 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ....' અને 'તમે થોડાં થોડાં થાવ વરણાગી...' એ ખૂબ લોકભોગ્ય-મનભાવન ગીતોની સૂરીલી રજૂઆત થકી જમાવટ કરી...

એવા જ સૂરીલા ને સંગીતમય વાતાવરણમાં, શ્રોતાઓની તાળીઓ અને દાદના જવાબમાં ગવાયેલાં, ખાસ પસંદગીનાં ગીતો - જેની ઉપર ગગન વિશાળ..., નજરના જામ છલકાવીને... આપણું મળવું ગઝલ... પાંદડું લીલું ને રંગ રાતો... ડાબે હાથે ઓરું સાજન કંસાર... સાંવરિયો રે મારો સાંવરિયો...ની હર્ષ શાહ, સંપદા વોરા તથા પ્રહર અને કલ્યાણીબહેનની પાસે જ રમઝટ બોલાવી હતી. જેમાં શ્રોતાઓએ આવાં કંઠસ્થ, મનભાવન ગીતો સાંભળી સાથે ગાઈને કે પગના ઠેકા ને તાળીઓથી તાલ પૂરાવી ખૂબ જ એન્જોય કર્યા હતાં.

જાણીતાં ગીતોની પ્રસ્તુતિ એક પડકાર હોય છે કેમકે તદ્દન નવાં નહીં પણ પોતાને કંઠસ્થ હોય કે સાંભળેલાં હોય તેવાં જ ગીતો પ્રેક્ષકોને ગમતાં હોય છે પણ સાથે કાર્યક્રમમાં આવાં ગીતોની પસંદગી, પ્રસ્તુતિ સ્ટાઈલ, સંચાલક દ્વારા નવી-રસપ્રદ વાત થકી પ્રત્યેક ગીત પૂર્વે બંધાતી તેની પૂર્વભૂમિકા એમ જેટલું નાવિન્ય તેટલો પ્રોગ્રામ 'ફ્રેશ' લાગે અને સફળ રહે...

રણકાર એ રીતે સક્સેસફુલ કાર્યક્રમ બની રહ્યો કેમકે એમાં 'કૂંચી આપો બાઈજી...', 'ઊંચી નેંચી ખજૂરી...', 'ધૂળ વાસીદું કરી લીધું...' અને 'બાપજી તારો બેટડો...' જેવાં ગામઠી ગીતોનેય વણી લેવાયાં હતાં અને ઓપનિંગની મેજિકલ મેલડિયસ મેડલીની જેમ જ સમાપનમાં 'કાળજા કેરો કટકો મારો...', 'આભમાં ઉગેલ ચાંદલો ને...', 'ચાંદો ઉગ્યો ચોકમાં ઘાયલ...' તથા 'અંબર ગાજે ને...' અને છેલ્લે ભૈરવીમાં 'કસુંબીનો રંગ...' એ કાગબાપુ અને મેઘાણીભાઈની અમર રચનાઓની ફર્સ્ટ ક્લાસ 'ફોક મેડલી'ની રજૂઆતથી 'કલાગુર્જરી' આયોજિત 'રણકાર' કાર્યક્રમને જબરી હાઈટ પર મૂકી દીધો હતો. સ્વનામધન્ય સ્વરકાર-ગાયકોના અને આપણા સૌના કંઠે કાયમ રહેલાં ગરવા ગુજરાતી ગીતોના સૂરીલા 'રણકાર'ને વધુ જાજરમાન અને મનભાવન બનાવ્યો પ્રવક્તા ડૉ. માર્ગી હાથીએ. 'પોતાની ખૂબીઓ જ નહીં, ખામીઓ ઉપર પણ તાળીઓ પાડી શકે તે ગુજરાતી જ હોય' ને 'સત્યનો સૂરજ પશ્ચિમમાંથી ઉગ્યો છે... અર્થાત સત્યના પૂજારી પૂ. ગાંધીબાપુ ભારતના પશ્ચિમી રાજ્ય ગુજરાતમાં જન્મ્યા છે...' 'અંધારામાં પણ દિલમાં દીવો પ્રગટાવે કે ચેતના પ્રગટાવે એ સાચો શબ્દ...' જેવી માર્મિક ટકોર સાથે વચ્ચે વચ્ચે અવિશ વ્યાસ સહિત અન્ય કવિઓ અને સ્વરકારો-ગાયકો વિશે રસપ્રદ માહિતીસભર વાર્તાઓ.... માર્ગીબહેન તથા સૌ ગાયક કલાકારો, વાદ્યકારોને અને સલીલભાઈને અભિનંદન.

બીજી ઑક્ટોબર, ગાંધીજયંતિએ ઊગતા સૂરજની સાક્ષીએ પૂ. ગાંધીબાપુને પ્રિય ભજનોના કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે...' અને 'અખંડ ભજન રાત્રિ' જેવા અનોખા કાર્યક્રમો થકી પોતાની આગવી ઓળખ ઊભી કરનાર 'કલાગુર્જરી'નો મંત્ર છે : 'કૉમર્શિયલ વેલ્યૂ'વાળા નહીં પણ સાહિત્યિક-સાંસ્કૃતિક મૂલ્યોવાળા કાર્યક્રમો કરવા... એ જ અંદાઝમાં 'રણકાર' કાર્યક્રમની પ્રસ્તુતિ માટે કલાગુર્જરીને દિલી અભિનંદન....

ડૉ. માર્ગીબહેન હાથીના શબ્દોમાં '૧૨ વર્ષનું એક તપ પૂરું કરી બીજા તપમાં પ્રવેશ કરતી આ સંસ્થાને ગાંધીનગરની કલાપ્રેમી અને કલામર્મજ્ઞ જનતા તરફથી પ્રચંડ સહયોગ-સાથ સાંપડતો રહેશે તો જ આપણને આવા એક એકથી ચઢિયાતા કાર્યક્રમો માણવા મળશે એ નક્કી.'







# કસ્તૂરબાની દૃઢતા

કસ્તૂરબાઈ ઉપર ત્રણ ઘાતો ગઈ, અને ત્રણેમાંથી તે કેવળ ઘરઘરૌ ઉપચારોથી બચી ગઈ. તેમાંનો પહેલો પ્રસંગ બન્યો ત્યારે સત્યાગ્રહનું યુદ્ધ ચાલી રહ્યું હતું. તેને વારંવાર રક્તસ્ત્રાવ (લોહીવા) થયાં કરતો. એક દાક્તર મિત્રે શસ્ત્રક્રિયા કરવાની ભલામણકરી અહ્તી. કેટલીક આનાકાની બાદ પત્નીએ શસ્ત્રક્રિયા કરાવવા હા પાડી. શરીર તો ઘણું ક્ષીણ થઈ ગયું હતું. દાક્તરે ક્લૉરોફૉર્મ વિના શસ્ત્રક્રિયા કરી. ક્રિયા વખતે દરદ ખૂબ થયું હતું, પણ જે ધીરજથી કસ્તૂરબાઈએ તે સહન કર્યું તેથી હું તો આશ્ચર્યચકિત થયો. ક્રિયા નિર્વિધ્ને પૂરી થઈ. દાક્તરે અને તેમનાં પત્નીએ કસ્તૂરબાઈની સરસ બરદાસ કરી.

આ બનાવ ડરબનમાં બન્યો હતો. બે કે ત્રણ દિવસ પછી મને નોશ્ચિતપણે જોહાનિસબર્ગ જવાની દાક્તરે રજા આપી. હું ગયો. થોડા જ દિવસમાં ખબર મળ્યા કે, કસ્તૂરબાઈનું શરીર મુદ્દલ વળતું નથી, ને તે પથારીએથે ઉઠીબેસી જશકતી નથી. એક વાર બેહોશ પણ થઈ ગઈ હતી. દાક્તર જાણતા હતા કે મને પૂછ્યા વિના કસ્તૂરબાઈને દારૂ અથવા માંસ દવામાં કે ખાવામાં ન અપાય. દાક્તરે મને જોહાનિસબર્ગ ટેલિફોન કર્યો : × તમરા પત્નીને હું માંસનો સેરવો સથેવા 'બીફ ટી' આપવાની જરૂર જોઉં છું. મને રજા મળાવી જોઈએ.×

મેં જવાબ આપ્યો, 'મારાથી એ રજા નહીં અપાય. પણ કસ્તૂરબાઈ સ્વતંત્ર છે. તેને પૂછવા જેવી સ્થિતિ હોય તો પૂછો, ને તે લેવા માગે તો બેશક આપો.'

'દરદીને આવી બાબતો પૂછવાની હું ના પાડું છું. તમારે પોતે અહીં આવવાની જરૂર છે. જો મને ગમે તે ખવડાવવાની છૂટ ન આપો તો તમારી સ્ત્રીને સારુ હું જોખમદાર નથી.'

મેં તે જ દહાડે દરબનની ટ્રેન લીધી. ડરબન પહોંચ્યો. દાક્તરે સમાચાર આપ્યા, મેં તો સેરવો પાઈને તમને ટેલિફોન કર્યો હતો!'

'દાક્તર, આને હું દગો માનું છું,' મેં કહ્યું.

'દવા કરતી વખતે દગોબગો હું સમજતો નથી. અમે દાક્તરો આવે સમયે દરદી કે તેના સંબમ્ધીઓને છેતરવામાં પુણ્ય માનીએ છીએ. અમારો ધર્મ તો ગમે તેમ કરીને દરદીને બચાવવાનો છે!' દાક્તરે દ્રઢતાપૂર્વક જવાબ આપ્યો.

મને ખૂબ દુ:ખ થયું. હું શાંત રહ્યો. દાક્તર મિત્ર હતા. ભલા હતા. તેમનો અને તેમનાં પત્નીનો મારા ઉપર ઉપકાર હતો. પણ ઉપલી વર્તણૂક સહન કરવા હું તૈયાર નહતો.

'દાક્તર, હવે ચોખવટા કરો. શું કરવા માંગો છો? મારી પત્નીનેહુંકદી તેની ઈચ્છા વિના માંસ દેવા નહીં દૌં. તે ન લેતાં તેનું મૃત્યુ થવાનું હોય તો તે સહન કરવા તૈયાર છું.'

દાક્તર બોલ્યા, તમારી ફિલસૂફી મારે ઘેર તો નહીં જ ચાલે. હું તમને કહું છું કે તમારી પત્નીને મારે ઘેર રહેવા દેશો ત્યાં લગી હું તેને જરૂર માંસ અથવા જે કાંઈ અપવું ઘટાશે તે આપીશ. જો મ ન કરવુમ્ હોય તો તમે તમારી પત્નીને લઈજાઓ. મારા જ ઘરમાં હાથે કરીને હું તેનું મરણ થવા નહીં દઉં.'

'ત્યારે શું તમે એમ કહો છો કે મરે મારી પત્નીને હમણાં જ લઈ જવી?'

'હું ક્યાં કહું છું લઈ જાઓ? હું તો કહું છું કે મારા પર કશા પ્રકારનો અંકુશ ન મૂકો. તો અમે બન્ને તેની જેટલી થઈ શકે એટલી બરદાસ કરશું ને તમે સુખે જાઓ. જો આવી સીધી વાત તમે ન સમજી શકો તો મારે લાચારીથી અખેવુમ્ જોઈએ કે તમારી પત્નીને મારા ઘરમાંથી લઈ જાઓ.'

150 ગાંધીયાત્રા

હું ધારું છું કે તે વેળા મરો એક દીકરો મારી સાથે હતો. તેને મેં પૂછ્યું. તેણે કહ્યું, 'તમે કહો છો એ મને કબૂલ છે. બાને માંસ તો ન જ અપાય.'

પછી હું કસ્તૂરબાઈ પાસે ગયો. તે બહુ અશક્ત હતી. તને કંઈપણ પૂછવું મને દુ:ખદેણ હતું. પણ ધર્મ સમજી મેં તેને ટૂંકામં ઉપરની વાત કહી સંભળાવી. તેણે દ્રઢતા પૂર્વક જવાબ આપ્યો: 'મારે માંસનો સેરવો નથી લેવો. મનખા દેહ વારે વારે નથી આવતો. ન્ભલે તમારા ખોળામાં હું મરી જાઉં, પણ મારાથી આ દેહ વટલાવાશે નહીં.'

મેં સમજાવાય તેટલું સમજાવ્યું ને કહ્યું, 'તું મારા વિચારોને અનુસરવા બંધાયેલી નથી.' અમારી જાણના કેટલાક હુંદુઓ દવાને અર્થે માંસ અને મદ્ય નથી લેતા તે પણ કહી સંભળાવ્યું. પણ તે એક ટળી બે ન થઈ અને બોલી : 'મને અહીંથી લઈ જાઓ.'

હું બહુ રાજી થયો. લઈ જતાં ગભરાટ થયો. પણ નિશ્ચય કરી લીધો. દાકતરને પત્નીનો નિશ્ચય સંભળાવ્યો. દાક્તર ગુસ્સે થઈ બોલ્યા:

'તમે તો ઘાતકી પતિ દેખાઓ છો. આવી માંદગીમંતેને બિચારીને આવી વાત કરતા તમને શરા પણ ન થઈ? હું તમને કહું છું કે તમારી સ્ત્રી અહીંથી લઈ જવા લાયક નથી. જરા પણ હડદેલો સહન કરે તેવું તેનું શરીર નથી. તેનો પ્રાણ રસ્તામં જ જાય તો મને આશ્ચર્ય નહીં થાય. છતાં તમે હઠથી નહીં જ માનો તો તમે તમારા મુખી છો. મારાથી તેને સેરવો ન અપાય તો મારા ઘરમાં એક રાત રાખવાનું પણ જોખમ હું નહીં લઉં.'

ઝરમર ઝરમર મેહ વરસતો હતો. સ્ટેશન દૂર હતું. ડરબનથી ફિનોક્સ રેલરસ્તો ને ફોનોક્સથી લગભગ અઢી માઈલનો પગરસ્તો હતો. જોખમ સારી પેઠે હતું. પણ ઈશ્વર સહાય થશે એમ મેં માની લીધું. મેં ફિનિક્સ એક માણસ આગળથી મોકલ્યો. ફિનિક્સ્માં અમારી પાસે'હૅમક' હતું 'હૅમક' તે જાળી વાળા કપડાની ઝોળી અથવા પારણું. તેના છેડા વાંસ ઉપર બંધાય એટલે દરદી તેમાં આરામથી ઝૂલતું રહી શકે. એ હૅમક, એક બાટલી ગરમ દૂધની એક બાટલી ગરમ પાણીની તથા છ માણસો લઈને ફિનિક્સ સ્ટેશન ઉપર આવવા વેસ્ટને કહેવડાવ્યું.

બીજી ટ્રેન ઉપડવાનો સમય થયો ત્યારે મેં રિક્ષા મંગાવી. ને તેમાં આ ભયંકર સ્થિતીમાં પત્નીને લઈ હું ચાલતો થયો.

પત્નીને મારે હિંમત આપવાપણું નહોતું. ઊમટું તેણે મને હિંમત આપીને કહ્યું, 'મને કંઈ નહીં થાય. તમે ચિંતા ન કરજો.'

આ હાડપિંજરમાં વજન તો રહ્યું જ નહોતું. ખોરાક કંઈ ખવાતો નહોતો. ટ્રેનના ડબ્બા સુધી સ્ટેશનના સ્ટેશનના વિશાળ પ્લૅટફૉર્મ ઉપર લાંબે સુધી ચાલીને જવાનું હતું. ત્યં રિક્ષા જઈ શકે તેમ નહોતું. હું તેને તેડીને ડબ્બા લગી લઈ ગયો. ફિનિક્સ તો પેલી ઝોળી આવેલી. તેમાં અમે આરામથી દરદીને લઈ ગયા. ત્યાં કેવળ પાણીના ઉપચારથી ધીમે ધીમે શરીર બંધાયું.

ફિનિક્સમાં પહોંચ્યા પછી બે ત્રણ દહાડામાં એક સ્વામી પધાર્યા. તેમણે અમારી 'હઠ'ની વાત સાંભલી દયા ખાધી ને અમને બન્નેને સમ્જાવા આવ્યા. મને યાદ છે તે પ્રમાણે, મણિલાલ અને રામદાસ પણ જ્યારે સ્વામી આવ્યા ત્યારે હાજર હતા. સ્વામીજી એ માંસાહારની નિર્દોષતા ઉપર વ્યાખ્યાન ચલાવ્યું. મનુસ્મૃતિના શ્લોકો ટાંક્યા. પત્નીના દેખતા આ સંવાદ ચલવ્યો એ મને ન ગમ્યું. પન વિનયને ખાતા મેં સંવાદ ચાલવા દીધો. મારે મંસાહરના ટેકામામ્ મનુસ્મૃતિનું પ્રમાણ નહોતું જોઈતું. તેના શ્લોકોની મને ખબર હતી. તેને પ્રક્ષિપ્ત ગણનારો પક્ષ છે તેમ હું જાણતો હતો. પણ તે પ્રક્ષિપ્ત ન હોય તો પણ અન્નાહાર વિષેના માર વિચારો સ્વતંત્રપણે ઘડાઈ ચૂક્યા હતા. કસ્તૂરબાઈની શ્રદ્ધા કામ કરી રહી હતી. તે બિચારી શસ્ત્રના પ્રમાણ શું જાણે? તેને સારુ બાપદાદાની રૂઢિ ધર્મ હતો. બાળકોને બાપના ધર્મ ઉપર વિશ્વાસ હતો, તેથી તેઓ સ્વામી સાથે વિનોદ કરતા હતા. અંતે કસ્તૂરબાઈએ આ સંવાદ આમ કહી બંધ કર્યો:

'સ્વામીજી, તમે ગમે તેમ કહો પણ મારે માંસનો સેરવો ખાઈને સાજાં નથી થવું. હવે તમે મારું માથું ન દુખાવો તો તમારો પાડ. બાકી વાતો તમે છોકરાઓના બાપની સાથે પાછળથી અકવી હોય તો કરજો. મેં મારો નિશ્ચય તમને જણાવી દીધો.'

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર